GJMR040035482025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૪ / ૧૧ /૨૦૨૫ |
| રજી. તારીખ | ૧૪ / ૧૧ /૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૨૮/ ૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૦, માસ ૦૫, દિવસ ૧૪ |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં.૨૯૫૬/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી:–** **હીરૂબેન ભાગાભાઈ વાઘેલા**
જાતે:દે.પુ,ઉવ. ૫૦, ધંધો–મજુરી,
રહે. નર્સરી ચોકડી લુણસર રોડ,
ખરાબામાં ઝુપડામાં ભોજપરા સીમ,
તા.વાંકાનેર, જી. મોરબી.

**ગુન્હો:** પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ),મુજબના ગુના સબબ.....

---

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એમ.કે.વોરા

---

**:: ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત જોવામા આવે તો, તા.૨૯/૧૦/૨૦૨૫ ના ક.૧૩:૩૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર વેચાણ કરવાના આશયથી કોથળીઓ નંગ–૨૫ દેશી દારૂ લી.૦૫ કિ.રૂ. ૧૦૦૦/– પોતાના કબ્જામાં રાખી પ્રોહી.

એકટ કલમ–૬૫(એ)(એ), મુજબનો ગુનો બનતો હોય તે અંગેનુ ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

(૨) **ન્યાયીક કાર્યવાહી**

આ કામનાં આરોપીને આ અદાલત દ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આંક–૦૪ થી તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી ફરમાવવામાં આવેલ અને તે બાબતે આરોપીને પ્લી આંક–૦૫ થી લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાની સામેનાં આક્ષેપાયેલ ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ ભીખુભાઈ બચુભાઈ મકવાણા ની જુબાની | ૦૭ |
| ૨. | ફરીયાદી વનરાજસિંહ અભેસિંહ ઝાલા ની જુબાની | ૦૯ |
| ૩. | પંચ ઈરફાનભાઈ ઈબ્રાહીમભાઈ તરીયા ની જુબાની | ૧૩ |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૦૮ |
| ૨. | મુદામાલ પાવતી | ૧૨ |
| ૩. | ફરીયાદ | ૧૦ |

(૪) ત્યારબાદ આરોપીઓનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના પુરાવનો ઈનકાર કરેલ છે અને નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફેના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાયો તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દા ઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૯/૧૦/૨૦૨૫ ના ક.૧૩:૩૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર વેચાણ કરવાના આશયથી કોથળીઓ નં ગ–૨૫ દેશી દારૂ લી. ૦૫ કિ.રૂ. ૧૦૦૦/– પોતાના કબ્જામાં રાખી પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**:: કા ર ણો ::**

**<u>મુદા નં. ૧:–</u>**

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષે પંચસાહેદ નં. ૦૧ ભીખુભાઈ બચુભાઈ મકવાણા નો આંક:૭ તથા સાહેદ નં.૩ ઈરફાનભાઈ ઈબ્રાહીમભાઈ તરીયા નો આંક–૧૩ નો મૌખિક પુરાવો જોતા આંક–૧૩ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદ પંચનામાં ની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં અને ત્યારબાદ તેઓની વિસ્તૃત ઉલટતપાસ છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.આમ આંક–૦૮ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.ર વનરાજસિંહ અભેસિંહ ઝાલા નો આંક– ૦૯ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.ર૯/૧૦/૨૦૨૫ ના રોજ અમો તથા પો.હેડ કોન્સ.– બળવેવસિંહ મહાવીરસિંહ જાડેજા વાંકાનેર સીટી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે ફરતા–ફરતા કલાક ૦૩:૩૦ વાગ્યે નર્સરી ચોકડી આગળ ભોજપરા ગામની સીમ માં ખરાબાના ઝુપડા પાસે આવતા એક મહિલા હાથમા પ્લાસ્ટીકના બાચકા સાથે શંકાસ્પદ જોવામાં આવતા નજીકમાંથી બે પંચો બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા હીરુબને ભગાભાઈ વાઘેલા હોવાનું જણાવેલ. મહિલા પાસે બાચકામાં જોતા પ્રવાહી ભરેલ કોથળીઓ નંગ–૨૦ મળી આવેલ. કોથળીમાં આશરે ૨૫૦ એમ. એલ. પ્રવાહી ભરેલ હોય કોથળીના મોઢા ખોલી સંધી સુંઘાડી જોતા દેશી દારૂની વાસ આવતી હોય દારૂ રાખવા બાબતે

મહિલા પાસે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ. ત્યારબાદ તમામ કોથળીઓમાંથી સરખા ભાગે કેફી પ્રવાહી એક કાચની બોટલમાં ૨૦૦ એમ.એલ. ભરી લઈ તેના ઉપર પંચો તથા પોલીસની સહીવાળી કાપલી ચોંડી પી.આઇ. વાંકાનેર સીટીના હોદદાનુ સીલ કરી કબ્જે કરેલ તથા તમામ કોથળીઓ લીટર–૫ જેની કી. રૂા.૧,૦૦૦/– તપાસ અર્થે કબ્જે કરેલ. જે બનાવની મેં ફરીયાદ આપેલી મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. ત્યારબાદ સદર ગુનો પી.એસ.ઓ.એ દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા સાથેના પો.સ્ટાફનુ નિવેદન લીધેલું. મુદદામાલ એફ.એસ.એલ. કચેરીએ રવાનગી પત્રક ભરી મોકલી આપેલો. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે.

સદર સાહેદ ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પો.સ્ટે.થી રેઈડ કરવા કેટલા વાગ્યે નિકળેલા તે યાદ નથી. કહેવાતા બનાવ સ્થળે ઘણા બધા લોકોની અવર–જવર હોય છે અને દુકાનો આવેલ છે. ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. અમો ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારી જાતે હોય ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

(૧૨) ઉપરોકત ફરીયાદ પક્ષનો પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરીયાદી તથા પોલીસ સાહેદોના પુરાવામાં પંચો રૂબરુ ભોજપરા ગામની સીમ માં ખરાબાના ઝુપડા પાસે આરોપીના હાથ માં પ્લાસ્ટીકના બાચકામાં પ્રવાહી ભરેલ કોથળીઓ નંગ–૨૦ મળી લીટર–૫ જેની કી. રૂા.૧,૦૦૦/– નો દેશી દારૂ તપાસ અર્થે કબ્જે કરેલાનુ જણાવેલ છે.ફરીયાદ પક્ષે સદર મુદ્દામાલ જે સ્વંતત્ર પંચોની હાજરીમાં કબજે કરેલાનુ જણાવેલ છે. તે પંચ સાહેદો ફરીયાદ પક્ષના પુરાવાને સર્મથન કરતા નથી. તેમજ તેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી પોલીસ સાહેદોના પુરાવા આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાકળી શકાય નહી તેવો પુરાવો નથી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે. આ તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને મૌખિક પુરાવાનું સમર્થન પ્રાપ્ત થતું નથી, તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુદ્દા નં.૧ માં મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામનાં આરોપી **હીરૂબેન ભાગાભાઈ વાઘેલા,**જાતે:દે.પુ,ઉવ. ૫૦, ધંધો–મજુરી,રહે. નર્સરી ચોકડી લુણસર રોડ,ખરાબામાં ઝુપડામાં ભોજપરા સીમ, તા.વાંકાનેર, જી. મોરબી. ને પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનાં શિક્ષાપાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના આરોપીએ રૂપીય ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે કરેલ મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૨૮, માહે : એપ્રીલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૮/૦૪/૨૦૨૬
મુ.વાંકાનેર

**(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪